# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-12-2024** **Evening : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

- મુખ્યમંત્રી ભૂપેન્દ્રપટેલે અમરેલી જિલ્લાની ધારી ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો આપવના નિર્ણયને અનુમતિ આપી.
- ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ સુરત ખાતે એન્ટી નાર્કોટીક્સ યુનિટ-1નું ઉદઘાટન કર્યું.
- ૧૨ મી માર્ચ ૨૦૨૫ સુધીમાં રાજ્યની તમામ સરકારી , ખાનગી આરોગ્ય સંસ્થાઓ, માટે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ કાયદા હેઠળ નોંધણી કરાવવી ફરજીયાત.
- ગાંધી ગ્રામજીવન પદયાત્રા કાર્યક્રમમાં વિદ્યાપીઠના વિદ્યાર્થીઓને ગ્રામોત્થાનમાં સહયોગી થવા રાજયપાશ્રીનું આહવાન.
- આજે વિશ્વ એઇડઝ દિવસ નિમિત્તે મારૂં સ્વાસ્થ્ય મારો અધિકાર થીમ સાથે યોજાયા જનજાગૃતિ કાર્યક્રમો

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

## Amreli Dhari Municipality

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમરેલી જિલ્લાની ધારી ગ્રામ પંચાયતને નગરપાલિકાનો દરજ્જો આપવના નિર્ણયને અનુમતિ આપી છે. ધારી ગ્રામપંચાયતમાં

ધારીની આસપાસના પ્રેમપરા, હરિપરા, વેકરીયાપરા, નવાપરા-લાઇનપરા જૂથ ગ્રામપંચાયત ભેળવી દઇને આ ધારી નગરપાલિકાની રચના કરવામાં આવશે.

આ ધારી નગરપાલિકા રાજયની 160મી નગરપાલિકા બનશ. ધારીમાં ગીર પૂર્વ અભ્યારણ્ય અને જંગલ વિસ્તાર હોવાથી વર્ષ દરમ્યાન પ્રવાસીઓ આવે છે.

અત્યારે “અ” વર્ગની 22, “બ” વર્ગની 30 “ક” વર્ગની 60 અને “ડ” વર્ગની નગરપાલિકા ધારી નગરપાલિકાનો ઉમેરો થશે.

આ ઉપરાંત મુખ્યમંત્રીએ સાબરકાંઠાની ઇડર નગરપાલિકામાં જવાનપુરા-સદાતપુરા ગામ સોસાયટી વિસ્તારનો પણ સમાવેશ કરવાની દરખાસ્તને પરવાનગી આપી છે. આથી ઇડર શહેરનો વિસ્તાર હવે વધવાથી ટી.પી. સ્કિમ કે વિકાસને વેગ મળશે.

## Harsh Sanghvi Surat

ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ સુરત ખાતે એન્ટી નાર્કોટીક્સ યુનિટ-1નું ઉદઘાટન કર્યું. સુરત પોલીસ દ્વારા આ પહેલનું નામ નો ડ્રગ્સ ઇન સુરત સીટી અભિયાન રાખવામાં આવ્યું છે.

આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, ગુજરાતમાં સૌપ્રથમ વખત આ યુનિટ શરૂ કરવામાં આવ્યું છે. અત્યાર સુધી પોલીસ ડ્રગ્સ અને એનડીપીએસમાં આરોપીઓને પકડતી હતી. અને નશાનો કારોબાર રોકવાનો પ્રયત્ન કરતી હતી. પરંતુ હવે સુરત પોલીસ આ અભિયાન થકી સમાજસેવાનું કાર્ય પણ કરશે.

સમાજમાં ડ્રગ્સના બંધાણીઓને નશાની લતમાંથી છોડાવવાનો પ્રયત્ન કરશે. એન્ટી નાર્કોટીક્સ યુનિટ એ એક પ્રકારનું પોલીસ સંચાલિત ડ્રગ્સ સામેનું રીહેબ સેન્ટર બનશે. આ સેન્ટરમાં આવનાર નશાના બંધાણીઓની પોલીસ સંપુર્ણ રીતે ઓળખ ગુપ્ત રાખશે અને તેની સામે કોઇપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવશે નહિં.

(બાઇટ- હર્ષ સંઘવી)

## Rushikesh patel

તા. ૧૨ મી માર્ચ ૨૦૨૫ સુધીમાં રાજ્યની તમામ સરકારી , ખાનગી તેમજ ટ્રસ્ટ સંચાલિત આરોગ્ય સંસ્થાઓ, માટે ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ કાયદા હેઠળ નોંધણી કરાવવી ફરજીયાત બની છે.

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગઇ કાલે ગાંધીનગર ખાતે ક્લિનીકલ એસ્ટાબ્લિશમેન્ટ કાયદા હેઠળની સ્ટેટ કાઉન્સિલની બેઠક યોજાઇ ગઈ.

આ બેઠકમાં ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ કાયદા હેઠળની પ્રવર્તમાન જોગવાઇઓ , આ અધિનિયિયમ હેઠળ જરૂરી સુધારા અને પ્રવર્તમાન સમયમાં થઇ રહેલ હોસ્પિટ્લસના રજીસ્ટ્રેશન સંદર્ભેની વિગતવાર સમીક્ષા કરાઇ હતી.

આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે કહ્યું છે કે, રાજ્યની તમામ હોસ્પિટલએ આ અધિનિયિમ હેઠળ ફરજીયાત રજીસ્ટ્રેશન કરાવવાનું છે. સમય અવધિમાં નોંધણી ન હોય તેવી આરોગ્યસંસ્થાઓ સામે નાણાકીય કાર્યવાહી ઉપરાંત કાયદાકીય સખ્ત પગલા ભરવામાં આવશે. પ્રમાણપત્ર વિના કાર્યરત કોઇપણ આરોગ્ય સંસ્થાઓ માટે ૧૦ હજાર થી ૫ લાખ રૂ. સુધીના દંડની જોગવાઇ છે.

રાષ્ટ્રીય, રાજ્ય અને જિલ્લા સ્તરે ક્લિનીકલ એસ્ટાબ્લિશમેન્ટની ડિજિટલ રજિસ્ટ્રી સ્થાપિત કરવી ખુબ જ જરૂરી છે.

આ અધિનિયમની કડક અમલવારીના પરિણામે ઉપચાર પધ્ધતિ પર અસરકારક નિયમન થશે તેમજ ઉપચાર પદ્ધતિઓ દ્વારા આરોગ્ય સેવાઓની ગુણવત્તા સુધરશે.

એલોપેથી, આયુર્વેદિક, હોમિયોપેથી, સિધ્ધ અને યુનાની જેવી સેવાઓ આપતી તબીબી સંસ્થાઓએ માટે પણ નોંધણી ફરજીયાત છે.

## Harsh Sanghvi Facebook

રાજયના વિવિધ પ્રખ્યાત યાત્રાધામો, ગામો અને જિલ્લામાં યોજાતા મેળાને નવી ઓળખ આપવા ફેસબુકના માધ્યમથી વિગત જણાવવા ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવીએ અનુરોધ કર્યો છે.

મંત્રીશ્રીએ ગઇરાત્રે ફેસબુક પર કરેલી પોસ્ટના માત્ર 7 કલાકમાં ૭00થી વધુ લોકોએ કોમેન્ટ કરી અને પોતાના ગામ, શહેરના લોકમેળાઓની રસપ્રદ વિગત આપી હતી. શ્રી સંઘવીએ લોકસંસ્કૃતિની ધરોહર એવા નાના-મોટા, જાણીતા લોકમેળાઓને ઉજાગર કરવાના પ્રયાસમાં રાજયના નાગરિકોએ ઉત્સાહભેર ભાગ લીધો તે બદલ પ્રશંસા કરી હતી. તેમણે લોકોને સાંકળીને કરેલી આ અનોખી પહેલથી પ્રાચીન મેળા વિશે લોકોને માહીતી મળશે.

મંત્રીશ્રીએ કોઇ કારણસર બંધ થયેલા મેળાને પુનઃ કાર્યરત કરવા સ્થાનિકોને ખાત્રી પણ આપી હતી.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

## Bagwada Railway Overbridge Kanubhai Desai

નાણાંમંત્રી કનુદેસાઇએ વલસાડના બગવાડા ખાતે ૬૧ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થનાર રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કર્યું. આ રેલ્વે ઓવરબ્રિજના નિર્માણથી અંદાજે દોઢ લાખની વધુ વાહન ચાલકો આવાગમનમાં લાભ થશે.

નાણાં મંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે, આ બ્રિજ ખુલ્લો મુકાતા વાહન વ્યવહાર એકદમ સરળ રીતે કરી શકીશું. હાઈવે પર ટ્રાફિક જામ ન થાય તે માટે બગવાડા પાસે વટાર-મોરાઈને જોડતો નવો બ્રિજ ૧૨ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે. સાથે જ સલવાવને અંબાચ સાથે જોડતા બ્રિજનું કામ પણ શરૂ થઈ ગયુ છે.

વલસાડ અને વાપી તરફ જવા તેમજ ને.હા.નં. ૪૮ થી દમણ દરિયાઈ બ્રિજ તરફ જતા આવતા વાહન વ્યવહારને આ બ્રીજથી સરળતા રહેશે.

## Governor

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગાંધી ગ્રામજીવન પદયાત્રાની સમીક્ષાના કાર્યક્રમમાં જણાવ્યું હતું કે, વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ માત્ર અક્ષરજ્ઞાન કે ડિગ્રી મેળવે એટલું જ નહીં, ગ્રામોત્થાનમાં પણ સહયોગી બને એ પૂજ્ય ગાંધીજીનું મિશન હતું.

વિદ્યાપીઠમાં અભ્યાસ કરનાર તમામ વિદ્યાર્થીઓ શૈક્ષણિક રીતે ઉન્નત હોવાની સાથે તેમનું શિક્ષણ દૈનિક જીવનમાં ઉપયોગી થાય અને અંત્યોદય માટે વિદ્યાનો લાભ પહોંચે, આ પૂજ્ય બાપુનો પરમ ઉદ્દેશ્ય હતો.

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા યોજાયેલી ગાંધી ગ્રામજીવન પદયાત્રાની સમીક્ષાના કાર્યક્રમમાં પદયાત્રામાં સહભાગી થનાર તમામને શુભકામનાઓ પાઠવતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, દેશના ગામડાઓના લોકો મોટાભાગે ખેતીથી જોડાયેલા છે, રાષ્ટ્રીય પ્રાકૃતિક કૃષિ મિશન અંગે તેમણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેબિનેટમાં પ્રાકૃતિક કૃષિ મિશન માટે 2હજાર 481 કરોડ રૂ. ની ફાળવણી કરી છે.

પ્રાકૃતિક કૃષિ અને જૈવિક કૃષિ બંને અલગ છે, તેના વિશે લોકો સમજશે તો ગેરસમજણ દૂર થશે.જૈવિક ખેતી એટલે કે ઓર્ગેનિક ખેતીમાં ઉત્પાદન મળતું નથી,

ખર્ચ વધુ થાય છે, નીંદણ વધુ ઉગે છે અને ઉત્પાદન ઓછું આવે છે. પરંતુ, પ્રાકૃતિક ખેતીમાં ઓછા ખર્ચે વધુ ઉત્પાદન આવે છે અને આ એક સફળ ખેતી છે. આ પ્રસંગે સૌએ ગાંધી ગ્રામજીવન પદયાત્રાની કામગીરી દર્શાવતી દસ્તાવેજી ફિલ્મનું નિદર્શન કર્યું હતું.

## World hiv aids day

વિશ્વના તમામ લોકોમાં HIV-AIDS વિશે જાગૃતિ આવે તે હેતુસર “વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા દર વર્ષે 1 લી ડિસેમ્બરના રોજ “વિશ્વ એઇડ્સ દિવસ” મનાવવામાં આવે છે. આ વર્ષે ખાસ ઉદેશ “પીડિત લોકોની સારવાર માટેના અધિકાર-આધારિત અભિગમોને પ્રોત્સાહન આપવા અને HIV- AIDSથી પ્રભાવિત લોકો સામેના ભેદભાવને દૂર કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

રાજ્યની સરકારી હોસ્પિટલો ખાતે 261 આઇ.સી.ટી.સી. સેન્ટરો અને 2400 સ્ક્રિનીંગ સેન્ટરો તથા 3 મોબાઇલ વાનમાં HIV તપાસની મફત સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવી છે.

આજના આધુનિક યુગમાં HIV ક્રોનિક નિયમિત દવા લેવાથી નિયંત્રણમાં રાખી શકાય તેવો રોગ છે. “વિશ્વ એઇડ્સ દિવસ” પર લોક જાગૃતિ માટે નેશનલ એઇડ્સ કંટ્રોલ ઓર્ગેનાઇઝેશન તેમજ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ગુજરાત રાજ્ય એઇડ્સ કંટ્રોલ સોસાયટી-GSACS હેઠળ વિવિધ લોક જાગૃતિના આયોજન અંતર્ગત રાજ્યના દરેક જિલ્લામાં જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા રેલી, નાટકો, તાલીમો, ચિત્ર-પોસ્ટર-રંગોલી-ક્વિઝ-નિબંધ લેખન જેવી સ્પર્ધાઓ દ્વારા શાળાઓ, કોલેજો અને જાહેર લોકો માટે એઇડ્સ વિશે જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે.

## Sabarkantha-world aids divas

હિંમતનગર જીલ્લા જેલ ખાતે "વિશ્વ એડ્સ દિવસ "નિમિતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

સાબરકાંઠા જિલ્લામાં વિશ્વ એડ્સ દિવસ નિમિતે દિશા યુનિટ સાબરકાંઠા, ગુજરાત સ્ટેટ નેટવર્ક ઓફ પીપલ લીવીંગ વીથ એચ.આઇ.વી.એડ્સ સંસ્થા (GSNP) દ્વારા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

વિશ્વ એઇડ્સ દિવસ" ૨૦૨૪ ના સૂત્ર "Take the Rights Path: My Health, My Right (અધિકારનો માર્ગ અપનાવીએ : મારો સ્વાસ્થ મારો અધિકાર) થીમ હેઠળ એચ.આઇ.વી.સાથે જીવતા કેદી લોકોના માનવ અધિકારના સંરક્ષણ માટે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

હિંમતનગર જિલ્લા જેલ સુપ્રીટેન્ડેટ ચાવડા દ્વારા જેલમાં ચાલી રહેલ આરોગ્યલક્ષી કાર્યક્રમો અને મળી રહેલ સારવાર વિશે જાણકારી આપવામાં આવી હતી. તેમજ દરેક બંદીવાન ભાઈઓને દર છ મહિને તપાસ કરાવવા પ્રોત્સાહિત કરી આરોગ્યની કાળજી રાખવા જણાવ્યુ હતું.

આ કાર્યક્રમમાં એચ.આઈ.વીના લક્ષણો અને સારવાર માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ભાવનગરમાં વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે વિવિધ જાગૃતિના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં સ્કાઉટ ગાઈડ વિદ્યાર્થીઓને આ રોગની ગંભીરતા અંગે શું કાળજી રાખવી તેની પ્રાથમિક માહિતી આપવામાં આવી.

## ICC-SHAH

બીસીસીઆઈના સચિવ જય શાહે આજે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)ના અધ્યક્ષ તરીકેનો ચાર્જ સંભાળ્યો છે અને તે વૈશ્વિક સંસ્થાના વડા તરીકે પાંચમા ભારતીય બન્યા છે.

36 વર્ષીય શાહ, જેઓ છેલ્લા પાંચ વર્ષથી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના સચિવ છે, તેઓ ICCના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સર્વસંમતિથી પસંદગી પામ્યા હતા અને ન્યૂઝીલેન્ડના એટર્ની ગ્રેગ બાર્કલેના અનુગામી બન્યા હતા.

ICC અધ્યક્ષ તરીકેના તેમના ઉદ્ઘાટન નિવેદનમાં, જય શાહે તેમના વિચારો રજૂ કરતાં કહ્યું કે , લોસ એન્જલસ 2028 ઓલિમ્પિક ગેમ્સમાં પરિવર્તનની તક તરીકે ક્રિકેટના સમાવેશનો લાભ ઉઠાવવા અને મહિલા રમતના વિકાસને પ્રાથમિકતા આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

## Sankalp Siddhi Day Somnath

આજે સોમનાથ મંદિરનો 29મો સંકલ્પસિદ્ધિ દિવસ ઉજવવામાં આવ્યો. સ્વતંત્રતા બાદ ભારતની અસ્મિતા સમાન સોમનાથ મંદિરના પુનનિર્માણના સરદાર વલ્લભભાઈ પટેલના સંકલ્પનો 29'મો સંકલ્પ સિદ્ધિ દિવસ સોમનાથમાં દર વર્ષે ઉજવાય છે.

દેશની સ્વતંત્રતા બાદ રત્નાકર સાગરના કિનારે રહેલ સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનો શ્રી સરદાર વલ્લભભાઈ પટેલે સંકલ્પ કર્યો હતો. 11 મે 1951 ના રોજ માત્ર ગર્ભગૃહનું નિર્માણ થયું અને દેશના પ્રથમ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી. આગળ જતા સોમનાથ મંદિર નિર્માણ કરવાનું કાર્ય પ્રારંભ કરવામાં આવ્યું. ટ્રસ્ટ દ્વારા શિખર અને સભામંડપ ઉપરાંત મંદિરની આગળના ભાગે નૃત્ય મંડપ નિર્માણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. આમ કુલ ૪૪ વર્ષે આજનું પ્રવર્તમાન સોમનાથ મંદિર સંપન્ન થયેલ. ત્યારે સંપૂર્ણ થયેલ સોમનાથ મંદિર 1 ડિસેમ્બર 1995ના રોજ દેશના તત્કાલીન રાષ્ટ્રપતિ શંકર દયાલ શર્મા દ્વારા નૃત્ય મંડપ કળશરોપણ કરીને રાષ્ટ્રને સમર્પિત કરવામાં આવ્યું હતું, ત્યારથી દર વર્ષે સોમનાથમાં 1લી ડિસેમ્બર ને સંકલ્પ સિદ્ધિ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

## Accident Gandhinagar

ગાંધીનગરના મહાત્મા મંદિર ગેટ નંબર - 2 ની સામેના રોડ પર ગઈ મોડી રાતે ઈકો કાર ચાલકે પૂરપાટ ઝડપે એક્ટિવા અને સ્વિફ્ટ કાર સાથે અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં સ્વિફ્ટ કારમાં સવાર દંપતિ તેમજ એક્ટિવા સવાર યુવતીને શરીરે ઈજાઓ થઈ હતી. જ્યારે દંપતીનાં 13 વર્ષના પુત્રના કપાળના ભાગે કાચ ધુસી જતાં 22 ટાંકા આવ્યા હતા. આ અકસ્માત બાદ ઈકો કાર  ચાલક નાસી ગયો હતો. કારમાંથી પ્લાસ્ટિકના ગ્લાસ, ઠંડું પીણું તેમજ ખાવાના પેક મળ્યા હતા.. આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## Narmadano tat ujve sanskrutina rang

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી અને નર્મદા જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત ઉપક્રમે ગઇકાલે એકતાનગર સ્થિત એકતા ઓડિટોરિયમ ખાતે ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મ જયંતિની ઉજવણી અતર્ગત "નર્મદાનો તટ ઉજવે સંસ્કૃતિના રંગ" આ  થીમ આધારિત સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આદિવાસી વાજીત્રોના તાલે મનમોહક  નૃત્યની સાથે જાણીતા ગુજરાતી હાસ્યકલાકાર અને લોકસાહિત્યકાર સાંઈરામ દવેએ, દેશ ભક્તિના ગીતો આદિવાસી ઇતિહાસ, સરદાર સાહેબના જીવનના મહત્વના પ્રસંગો, સાહિત્ય અને સંગીતની સાથે હાસ્યરસની પ્રસ્તુતિ કરી. આદિવાસી મેવાસી મંડળ દ્વારા મેવાસી નૃત્ય તેમજ સાગબારાની આદિવાસી યુવા ટીમ દ્વારા આદિવાસી લોકનૃત્યની વાજીત્રો દ્વારા અદભૂત રજૂઆત કરાઇ હતી.

આ કાર્યક્રમમાં અધિકારીઓ, કર્મચારીઓ  સહિત મોટી સંખ્યામાં સાહિત્યપ્રેમીઓ-યુવાનો ઉપસ્થિત રહયા હતા.